# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ ,ત્રીજો માળ ,જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત -૩૯૫૦૦૧.

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com


જા.નં./મા-૨/૨૦૨૫/ 14215 તા૦૪. /૧૨/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત જિલ્લો.

વિષય :- પ્રાણીઓના કરડવા અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા તથા માર્ગદર્શન આપવા બાબત.

સંદર્ભ :- કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક :- પરચ/માધ્ય/2025/12239-12274, તા.03/12/2025

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપની શૈક્ષણિક સંસ્થામાં પ્રાણીઓના વર્તન બાબતે કે પ્રાણીઓના કરડવાના કિસ્સામાં તાત્કાલિક સારવાર મળી રહે અને સત્વરે રિપોર્ટિંગ કરવામાં આવે. આ બાબતે આપની શાળામાં વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે એ માટે શાળા કક્ષાએથી જરૂરી માર્ગદર્શન આપવું, તેમજ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અગત્યના સંપર્ક નંબર તથા ઇમરજન્સી માટેના સંપર્ક નંબર નોટિસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

**કમિશનરશ્રી શાળાઓની કચેરી,**

**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર**

ક્રમાંક: પરચ/માધ્ય./૨૦૨૫/12231-12274 તા. ૦૩/૧૨/૨૦૨૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષયઃ- Minutes of meeting for Compliance to directions of Hon'ble Supreme Court in suo moto Writ petition (Civil) no. 5 of 2025 in re: "City hounded by strays, kids pay price" under chairmanship of Chief Secretary to Government of Gujarat on date 18.11.2025,13.30 hrs. at Gandhinagar, Gujarat.

સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: Letter No: ED/1087/11/2025, Date: 28-11-2025

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, માનનીય સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ સુઓ મોટો રિટ પિટિશન (સિવિલ) નં. 5/2025 ની બાબતમાં માન. મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું જેની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે..

આ કાર્યવાહી નોંધના ક્રમ નં-૧૯(As per Para 25(G) of the said order) માં જણાવ્યા મુજબ રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાણીઓના વર્તન બાબતે કોઇ પ્રાણીઓના કરડવાના કેસમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે, અને તાત્કાલિક રીપોર્ટીંગ કરવામાં આવે અને આ બાબતે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાના સ્ટાફમાં આ બાબતે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે માટે જરૂરી કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગ દ્વારા સંદર્ભદર્શિત પત્રથી જણાવેલ છે.

આમ, ઉક્ત તમામ બાબતો ધ્યાને લઈ, પ્રાણીઓના વર્તન બાબતે કોઇ પ્રાણીઓના કરડવાના કેસમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર મળી રહે, અને તાત્કાલિક રીપોર્ટીંગ કરવામાં આવે તથા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સંસ્થાના સ્ટાફમાં આ બાબતે જાગૃતિ અભિયાન ચલાવવામાં આવે તે મુજબની સૂચના આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક

માધ્યમિક

ગુ.રા. ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

- **અધિક સચિવશ્રી, વ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર**